**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૪૯ ટકા

# નવા સચિવાલયમાં 'પોલીસ' લખેલા વાહનોનું નિયત જગ્યાએ પાર્કીંગ કરવા માંગણી

ગાંધીનગર, તા.૪

જીલ્લાના પોલીસ વડા દ્વારા પોલીસ જવાનોને પોતાના ખાનગી વાહનો પરથી પોલીસ લખેલ લખાણ તાકીદે હટાવી દેવા તાજેતરમાં જ તાકીદ કરવામાં આવી છે. ત્યારે નવા સચિવાલયના બ્લોક નંબર ૫-૬-૭ ની આજુબાજુ પોલીસ લખેલા વાહનો ૧૦૦ મીટરની ત્રિજ્યામાં બ્લોકની નીચે જ પાર્ક કરવામાં આવતા હોવાની ફરીયાદ ઉઠવા પામી છે.

નવા સચિવાલયના બ્લોક નંબર ૫ ના ભોંયતળીયે સલામતિ શાખાની કચેરી આવેલી છે, તેની આજુબાજુ પોલીસ લખેલા બાઈક-ટુ વ્હીલરો ખુલ્લે આમ પાર્ક કરવામાં આવે છે. આ ઉપરાંત બ્લોક નં.૬ તથા ૭ ની આજુબાજુ પણ પોલીસ જવાનોના વાહનો મુકવામાં આવે છે. ખુદ ગૃહ વિભાગના નિયમ મુજબ સચિવાલયના બ્લોકથી ૧૦૦ મીટર સુધી કોઈ વાહનો પાર્ક કરી શકાતા નથી. ત્યારે પોલીસ જવાનો સચિવાલયના બ્લોકની અડોઅડ વાહનો પાર્ક કરતાં અન્ય અધિકારી/કર્મચારીઓમાં કચવાટની લાગણી ઉઠવા પામી છે.

સચિવાલયના કર્મચારી કે મુલાકાતીઓ પાર્કીંગ સિવાયની જગ્યાએ વાહન મુકે ત્યારે તેમને રોફ બતાવીને વાહનોની હવા કાઢી નાખવાની ધમકી આપવામાં આવે છે. આથી સામાન્ય નાગરીકોની માફક જ પોલીસના વાહનો પણ સચિવાલય કોમ્પલેક્ષમાં નિયમોનુસાર પાર્ક કરાવવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.

## સચિવાલયના ગેટ નં.૭ પાસે અકસ્માત થાય તે પહેલા ટ્રાફિક નિયંત્રણ કરવા માંગણી

શહેરના ચ-રોડ ઉપર નવા સચિવાલયના ગેટ નં.૭ માં આવવા જવા માટે સવાર સાંજ ટ્રાફીકનું ભારણ હોવાથી નાના મોટા અકસ્માતનો ભય રહેલો છે. ગેઈટ નં.૭ પર રહેલા પોલીસ જવાનો સલામતિના કારણોસર આવતા જતા વાહનો તથા કર્મચારી/મુલાકાતીઓનું ચેકીંગ કરીને તેમની ફરજ બજાવી રહ્યા છે. પરંતુ ટ્રાફીક નિયંત્રણ કરતા નથી. આથી ગેટ નં.૭ ઉપર ફરજ બજાવતાં પોલીસ જવાનો દ્વારા સવાર-સાંજ એક-એક કલાક પીકઅપ અવર્સમાં ટ્રાફીક નિયંત્રણ કરવા પણ કર્મચારી આલમની માંગ છે.

# વાવોલની હરિનગર સોસાયટી પાસેનો માર્ગ બિસ્માર હાલતમાં!!

## રેલવે ફાટકથી 'ખ' રોડને જોડતાં માર્ગની હાલત પણ ખરાબ : વાહનચાલકો ત્રસ્ત





ગાંધીનગર, તા.૪

ગાંધીનગરને અડીને જ આવેલા વાવોલ ગામમાં અનેક પ્રકારની પાયાની સુવિધાઓમાં તંત્રની ઘોર બેદરકારી ઉડીને આંખે વળગે છે. વાવોલના ભૂમિ પાર્ક હરિનગર સોસાયટી આગળનો રોડ તથા તે તરફના રેલવે ફાટકથી 'ખ' રોડને જોડતો રોડ ઘણા સમયથી બિસ્માર હાલતમાં છે અને આ વિસ્તારના રહીશોથી માંડીને અહીંથી પસાર થતા વાહનચાલકો ત્રસ્ત થઈ ગયા હોવા છતાં તંત્રના પેટનું પાણી હાલતું નથી.

વાવોલમાં આંતરિક માર્ગો પર અલગ અલગ વિસ્તારમાં અલગ અલગ પ્રકારની સમસ્યા જોવા મળી રહી છે જેમ કે ઈન્દિરા કોમ્પ્લેક્ષથી ગ્રીનસીટી સોસાયટી થઈને કોલવડા ચોકડીને જોડતા માર્ગ પર માત્ર ૨૦૦ મીટરના ગાળામાં એક, બે કે ત્રણ નહી પરંતુ પુરા છ બમ્પ બનાવી દેવાયા છે અને તે પણ એકદમ અયોગ્ય ઉંચાઈના જેને કારણે વાહનચાલકોની હાલત ખરાબ થઈ જઈ રહી છે. બીજી તરફ વાવોલની હરિનગર સોસાયટી વિસ્તારમાં તુટેલા રોડ પર ઈંટો-પથ્થરોના રોડાં નાંખી ખાડા પુરવા પ્રયાસ કરાયો હતો. પરંતુ આ રોડાંને રોલર ફેરવી સમાંતર કરવામાં આવ્યા નથી જેને કારણે રોડ વધુ બદતર બની જવા સાથે તેમાં ઉપસી આવેલા અણીદાર પથ્થરો વાહનચાલકો માટે 'પંચર' પડવા જેવી સમસ્યાઓ ખડી કરી રહ્યા છે. વળી આ વિસ્તારના રેલવે ફાટકથી સેકટર-૫ તરફ 'ખ' રોડને જોડતા માર્ગની હાલત પણ અત્યંત ખરાબ છે. મોટા ભાગનો રોડ તો તુટી જવા પામ્યો છે અને ખાડા ખૈયાં ધરાવતો આ માર્ગ વાહનચાલકો માટે માથાનો દુઃખાવો બન્યો છે. સત્વરે આ બંને માર્ગની યોગ્ય મરામત કરાય અને નવા રોડ બનાવાય તેવી આ વિસ્તારના રહીશો તથા વાહનચાલકોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

## પ્રવાસન નિગમના કર્મચારી મંડળના હોદ્દેદારો

ગાંધીનગર, તા.૪

ગુજરાત પ્રવાસન નિગમ કર્મચારી મંડળની વાર્ષિક સામાન્ય સભામાં નવા વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવેલ છે. જેમાં પ્રમુખ તરીકે જે.એમ. ગુર્જર, કાર્યકારી પ્રમુખ તરીકે રણછોડભાઈ દેસાઈ-માજી પંચાયત મંત્રી, મહામંત્રી તરીકે એન.એ. રાઠોડ તથા ખજાનચી તરીકે એસ.આર. સોલંકીની નિમણુંક કરવામાં આવેલ છે.

### ચિરવિદાય

- સ્વ. માધુરીબેન રાજેન્દ્રસિંહ, ઉ.વ. ૮૩
- સ્વ. નેમેલ મુલદિપભાઈ ગૌસ્વામી, ઉ.વ. ૪૫
- સ્વ. મનોજસિંહ જસુસિંહ, ઉ.વ. ૩૨

# સિવિલમાં કેન્ટીન પાસે વાહનોનો ખડકલો કયારે દુર થશે?

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલમાં પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા હોવા છતાં આડેધડ પાર્કિંગ થાય છે. કેન્ટીન અને તાત્કાલીક સારવાર વિભાગની આસપાસ વાહનનો ખડકલો સર્જાતા એમ્બ્યુલન્સને આવન જાવનમાં તકલીફ પડે છે. સિવિલમાં થતા આડેધડ વાહન પાર્કિંગને પગલે ચોર ઈસમો માટે પણ સિવિલ સોફટ ટાર્ગેટ બની જવા પામ્યું છે ત્યારે હોસ્પિટલમાં થતા આડેધડ વાહન પાર્કિંગને પગલે ટ્રાફિક સમસ્યા સર્જાય છે તેની પાછળ સિવિલતંત્ર અધિકારીઓ જવાબદાર હોય તેમ લાગી રહ્યું છે. કર્મચારીઓ સિવિલમાં કામગીરી કરવાને બદલે પંખા નીચે બેસી માત્ર સુફીયાણી વાતો કરી રહ્યા છે ત્યારે સિવિલમાં યોગ્ય સ્થાને વાહનો પાર્કિંગ થાય તેવી લોકમાંગ પ્રબળ બની છે.



પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં આરોગ્યલક્ષી સુવિધાઓ વધતા દર્દીઓનો ધસારો રહે છે. પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ અને ૬૦૦ બેડની નવી બિલ્ડીંગ સહિત તાત્કાલિક વિભાગ ધમધમતો રહે છે. સિવિલમાં દર્દીના સગાઓ, નર્સીંગ સ્ટાફ, તબીબી વિદ્યાર્થીઓ, ડોકટર્સ સહિત મુલાકાતીઓને પગલે કેમ્પસમાં આડેધડ વાહનનો ખડકલો સર્જાય છે. સિવિલમાં પાર્કિંગની વ્યવસ્થા હોવા છતાં ગમે ત્યાં વાહન મૂકવામાં આવતા અન્ય વાહન ચાલકોને પણ મુશ્કેલી સર્જાય છે. તાત્કાલીક વિભાગ અને કેન્ટીન પાસે વાહનનો ખડકલો સર્જાય છે. ગમે ત્યાં વાહનો પાર્ક થતા એમ્બ્યુલન્સને પણ નડતરૂપ બની રહ્યા છે. કેમ્પસમાં ચો તરફ થતા વાહનના ખડકલાને પગલે છાશવારે વાહનચોરીના બનાવો બને છે જેને પગલે પોલીસ પણ મુંઝવણમાં મુકાઈ છે ત્યારે સિવિલના જવાબદાર કર્મચારીઓ માત્ર પંખા નીચે બેસી માત્ર સુફીયાણી વાતો કરે છે અને રાઉન્ડના નામે માત્ર આંટાફેરા મારી કામ કર્યાનો સંતોષ માની રહ્યા છે. સિવિલમાં ગમે ત્યાં પાર્ક થતા વાહનોને પગલે વાહનચોરીના બનાવો વધુ બની રહ્યા છે ત્યારે સિવિલ કેમ્પસમાં યોગ્ય વાહન પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવે તેવી પ્રબળ લોકમાંગ ઉઠવા પામી છે.

# વાવોલ-કોલવડા માર્ગ પર પાણીનો બેફામ વ્યય




એક તરફ રાજય સરકાર દ્વારા રાજયભરમાં પીવાના પાણી સહિત જરુરી પાણી પુરવઠાને પહોંચી વળવા જળસંચય સહિત વિવિધ પ્રકારે પગલાં લેવાની જાહેરાતો કરાઈ રહી છે બીજી તરફ અનેક સ્થળે કર્મચારીઓ અથવા નાગરિકોની સામાન્ય બેદરકારી કે ઉદાસીનતાને કારણે પાણીનો બેફામ વ્યય થતો જાહેરમાં જોવા મળે છે. વાવોલ-કોલવડા માર્ગ પર પાણીનો વાલ્વ લિકેજ હોવાથી અથવા યોગ્ય રીતે બંધ ના કરાયો હોવાથી અઢળક પાણી રોડ પર વહી જઈ રહ્યું છે જેના કારણે પાણીનો તો વ્યય થઈ રહ્યો છે પરંતુ સાથે સાથે વાહનચાલકો તથા રાહદારીઓ માટે પણ પરેશાની પેદા થઈ રહી છે.

# જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં દારૂનો જથ્થો મોટી માત્રામાં પકડાયો

ગાંધીનગર, તા.૪

ગુજરાત રાજયમાં દારુબંધીની કડક અમલવારી કરવામાં આવે છે.ત્યારે ગાંધીનગર જિલ્લામાંથી દારુનો જથ્થો મોટીમાત્રામાં પકડાયો છે. ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વિદેશી દારુની ૩,૨૦,૦૪૭ બોટલ, બીયરના ટીન ૪૪,૯૭૫ અને ૩૨૧૨૭ દેશી દારુ લીટર પકડી પાડ્યો હતો. બે વર્ષમાં પ્રોહીબિશનના વિવિધ કેસમાં ૬૩૮૬ દારૂડીયા અને બુટલેગરોની ધરપકડ કરવામાં આવી છે. જયારે ૧૫૪ હજુ પોલીસ પકડ થી દુર રહેવા પામ્યા છે. ૧ જુન ૨૦૧૭ થી ૩૧ મે ૨૦૧૯ સુધીની આ આંકડાકીય માહીતી છે.જે વિધાનસભાના સત્રમાં બાપુનગરના ધારાસભ્ય હિંમતસિંહ પટેલ દ્વારા પુછવામાં આવેલા સવાલના જવાબમાં સામે આવ્યા છે. દિવસની સરેરાશ જોઈએ તો ૭૩૦ દિવસ લેખે જિલ્લામાંથી રોજની ૪૩૦થી વધુ દારુની બોટલો અને ૬૦ થી વધુ બિયરના ટીન પકડાયા છે.

# વિરમગામથી ચોરી કરેલા બાઈક સાથે શહેરનો યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૪

વિરમગામમાંથી પાંચ દિવસ અગાઉ ચોરી થયેલા બાઈક સાથે ગાંધીનગરનો યુવક પકડાયો છે. સે-૭ સર્વેલન્સની ટીમના પીએસઆઈ ડી.એસ.રાઓલ પોતાની ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે એક શખ્સ ચોરીના બાઈક સાથે સેકટર-૧૫ કોલેજ પાસેના માર્ગ પરથી પસાર થવાનો છે. જેને પગલે પોલીસે વોચમાં રહીને તપાસ કરતા મનોજ દલસુખભાઈ બારીયા (ઉં.વ.૩૪)રહે. સેકટર-૧૨ સી પ્લોટ નં. ૩૮૬- ૨ એ, મુળ રહે. મોટી ભુગેળી, દાહોદ ને પકડી પાડ્યો હતો. તેની પાસે રહેલા બાઈક નં. જીજે.૦૧.પી.એમ.-૪૨૩૩ ને બાઈક ની ખરાઈ કરતા તેને પાંચ દિવસ પહેલા જ વિરમગામ બરોડ બેંક પાસેથી ચોરી કરી હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે પોલીસે આરોપીને પકડીને કાયદેસરની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મોબ લીચીંગના વિરોધમાં સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા યોજાશે

ગાંધીનગર, તા.૪


બહુજન ક્રાંતિ મોરચા સંયોજક સમિતિ ગુજરાત દ્વારા તા. ૫ જુલાઈને શુક્રવારના રોજ સત્યાગ્રહ છાવણી ખાતે સવારના ૧૦ થી બપોરના ૧ કલાક દરમિયાન મોબ લીચીંગના વિરોધમાં દેશ વ્યાપી ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

તાજેતરમાં ઝારખંડ રાજયમાં ૨૪ વર્ષના નવયુવાનને બેરહમીથી મારમારી મોતને ઘાટ ઉતારવાનું કામ મોબ લીચીંગમાં દ્વારા કરવામાં આવ્યું હતું. જેનો સખ્ત શબ્દોમાં વિરોધ કરવામાં આવે છે. ઝારખંડમાં છેલ્લા ૪ વર્ષમાં ૧૮ અને ભારતના વિવિધ રાજયોમાં થઈને કુલ ૨૬૬ ઘટના મોબલીંચીગની બનવા પામી છે. જેને પગલે અમેરીકા આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રના આયોગે ભારત સરકારને સખ્ત શબ્દોમાં નિંદા કરી છે.ભારત સરકારમાં મોબ લીચીંગની ઘટનાઓ હવે ન થાય તે માટે કડક હાથે કામગીરી કરવામાં આવે તેવી માંગ બહુજન ક્રાંતિ મોરચા ગાંધીનગરના જીલ્લા સંયોજક રાજીવ કે પરીખ દ્વારા કરવામાં આવે છે. આ ધરણા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરીકોને જોડાવવા માટે હાકલ કરવામાં આવી છે.

# આજે જૈનાચાર્ય પૂ. મેઘવલ્લભસૂરિનો ૮૦મો જન્મદિવસ ઉજવાશે

ગાંધીનગર, તા.૪

સે-૨૨માં ગાંધીનગર જૈન સંઘ, ખાતે ચાતુર્માસાર્થે પધારી રહેલા વડીલ આચાર્યશ્રી મેઘવલ્લભસૂરિ મહારાજા તા. ૫ જુલાઈના રોજ જીવનના ૮૦મા વર્ષમાં પ્રવેશ કરી રહેલા છે. મુંબઈ-સાયનમાં રહેનારા



તેમણે ૧૯૮૪માં પત્ની અને બે પુત્રો સાથે સપિરવાર દીક્ષા ગ્રહણ કરી હતી અને વર્ધમાન તપની ૧૭૪ ઓળી પૂર્ણ કરી ચૂકયા છે. તેમના પુત્રો પૂ. આચાર્ય ઉદયવલ્લભસૂરિ મ.સા. અને પૂ. આચાર્ય હૃદયવલ્લભસૂરિ મ.સા. જૈન શાસ્ત્રોના વિદ્વાન છે અને વર્તમાન પ્રવાહોના ઉંડા જાણકાર છે. આચાર્ય ઉદયવલ્લભસૂરિજીનું પ્રવચન જૈન-જૈનતર વર્ગમાં ખાસ ઉત્કંઠા જગાડનારું છે. ચાર્તુમાસ દરમિયાન રોજ ૭.૪૫ થી ૮.૪૫ અને દર રવિવારે ૯.૩૦ થી ૧૨.૩૦ તેમના પ્રવચન ચાલશે.

અત્રે ઉલ્લેખનીય છે કે તેમને યુવાનો માટેની ૧૦૦ અલગ અલગ વિષયો પર ૧૦૦ સેમિનાર કરવા બદલ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત થયું છે. હાલ સેકટર-૩માં રહેલા કુલ ૨૩ મુનિઓ તા. ૭ જુલાઈ સવારે રવિવારે સે-૨૨માં ગાંધીનગર જૈન સંઘ ખાતે ચાતુર્માસ પ્રવેશ કરશે.

# રાજયપાલશ્રી ઓ.પી.કોહલીએ જગન્નાથ મંદિર, અડાલજ ખાતેથી રથયાત્રાનો શુભારંભ કરાવ્યો

ગાંધીનગર, તા.૪

અષાઢી બીજના પાવન દિને ગાંધીનગર નજીક અડાલજ ખાતે યોજાયેલી રથયાત્રાને રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ પહિંદ વિધિ કરી શુભારંભ કરાવ્યો હતો.

અષાઢ સુદ બીજ એટલે રથયાત્રાનો પાવન ઉત્સવ. દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢ સુદ બીજ, વિક્રમ સંવત ૨૦૭૫ના દિનની મંગલ સવારે જગન્નાથ મંદિર અડાલજ ખાતે રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ ભગવાન શ્રી જગન્નાથની રથયાત્રાની પહિંદ



વિધિ કરી રથયાત્રાનો શુભારંભ કરાવ્યો હતો. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની એડવાઈઝરી કમિટીના સભ્ય શ્રી ડૉ. એસ.કે.નંદા, શ્રી મહેશ્વર શાહુ, શ્રી બદ્રી મહાપાત્ર સહિત ગાંધીનગર ઉડિયા સમજના નાગરિકો તથા શહેરીજનોએ ઉત્સાહભેર પ્રભુ જગન્નાથજીને રથમાં બિરાજમાન કર્યા હતા અને ભક્તિભાવપૂર્વક રથયાત્રામાં જોડાયા હતા.

રાજયપાલશ્રીએ પ્રભુ જગન્નાથના રથની આસપાસ સોનાની સાવરણીથી રથની સ્વચ્છતા કર્યા બાદ વિધિવત પૂજન કર્યું હતું. ભગવાન શ્રી જગન્નાથ દેવની રથયાત્રા પ્રસંગે ભક્તજનોને રાજયપાલશ્રીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## કચ્છી નૂતનવર્ષ નિમિત્તે સ્નેહમિલન યોજાશે

દર વર્ષની માફક આ વર્ષે પણ કચ્છ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા કચ્છી નૂતનવર્ષ અષાઢી બીજ નિમિત્તે એક સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૭ જુલાઈ રવિવારના સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન બ્રહ્માકુમારી હોલ શોપીંગ સેન્ટર પાસે, સે-૨૮-ગાંધીનગર ખાતે સમારંભ યોજાનાર છે. આ કાર્યક્રમમાં આદરણીય કૈલાસદીદી (બ્રહ્માકુમારી, ગાંધીનગર સેન્ટર) વકતવ્ય આપશે. કચ્છી ભાઈ બહેનોને પરિવાર સહ ઉપસ્થિત રહેવા કચ્છ મિત્ર મંડળના પ્રમુખ માવજીભાઈ રંગાણી દ્વારા જણાવાયું છે.

# ઉવારસદ ખાંટવાસમાં ગળામાં ધારીયું મારી આધેડની હત્યા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામમાં ગતરોજ બપોરના સુમારે મર્ડરની ઘટના સામે આવી છે. ઉવારસદના ખાંટવાસમાં રહેતા આધેડ ખાટલામાં સુઈ રહ્યા હતા, તે દરમિયાન ખાંટવાસમાં રહેતા શખ્સે તેમને ગળાના ભાગે ધારીયું મારી દેતા તેમનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયું છે. બનાવને પગલે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જેમાં આરોપી સવારથી જ ધારીયું લઈને ફરતો હતો અને સ્થાનિક નાગરીકોને કહેતો હતો કે આજે તો પાડીશ દઈશ.

પોલીસ પાસેથી મળતી વિગત મજુબ ઉવારસદ ખાંટવાસ વડવીસાયા ફળીયામાં રહેતો પ્રવિણજી બદાજી ઠાકોર બુધવારના રોજ સાંજે ઘરની આગળની ઓસરીમાં ખાટલામાં સુઈ ગયા હતા.ત્યારે તેમના જ ફળીયામાં રહેતો બુધા સેંધાજી ઠાકોર તેમના ગળાના ભાગે ધારીયું મારીને ભાગી ગયો હતો. પરિવારજનોએ ૧૦૮ ને કોલ કર્યો હતો, પરંતુ ધારીયાનો ઉંડો ઘા વાગતા તેમનું બનાવ સ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. પ્રવિણજી છુટક મજુરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા, તેમના પરિવારમાં પત્ની, બે દિકરા અને એક દિકરીનો સમાવેશ થાય છે. જેમાં બે દિકરાના લગ્ન થઈ ગયા છે. બનાવ સમયે મૃતકની દીકરી અને પુત્રવધુ ઘરની અંદર હતા. તેમની દિકરી આરતી ઉં.વ.૧૮ એ કહ્યું હતું કે પિતાજીની બુમ સંભળાતા મે અને ભાભીએ જોયું તો પિતાના ગળાના ભાગે જમણી બાજુમાં ઉંડો ઘા વાગ્યો હતો. ધારીયું પણ ગળામાં જ હતું, અને લોહી નીકળતુ હતું અને મારા પિતાજી બેભાન હાલતમાં હતા. બનાવ અંગે અડાલજ પોલીસને જાણ કરતા તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી જઈને મૃતદેહનું પીએમ કરાવી મૃતકની દીકરી આરતીની ફરીયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરાઈ છે. જયારે પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મૃતક અને આરોપી વચ્ચે થોડા સમય પહેલા જ બોલાચાલી થઈ હતી. જયારે આરોપી પીવાની ટેવવાળો હોવાને પગલે બુધવારે પણ સવારથી હાથમાં ધારીયું લઈને ફરતો હતો અને ગ્રામજનોને કહેતો હતો કે આજે તો પાડી દઈશ. જયારે ગામમાં થયેલી હત્યાની ઘટનાને લઈ સમગ્ર ગામમાં હાહાકાર મચી જવા પામ્યો છે. જયારે અડાલજ પોલીસે આરોપીને પકડવા માટે ચક્રો તેજ કર્યા છે.